ગાંધીનગર સમાચાર

**અનામતના મામલે પાટીદારો અને સરકાર વચ્ચે આજે પ્રથમ બેઠક**

# શ્રાવણના પ્રથમ સોમવારે ભાવિકોથી શિવાલયો ઉભરાશે

## સોમવારના વ્રત-પૂજાનું વિશેષ મહત્વ હોવાથી રૂદ્રાભિષેક, શિવમહિમ્ન સ્તોત્ર, ભજન અને ધૂન સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૧૬





શ્રાવણ મહીનાની શરૂઆતથી જ નગરના શિવમંદિરોમાં ભાવિકોની ભીડ ઉમટેલી જોવા મળે છે. શ્રાવણના પ્રારંભે જ પ્રથમ સોમવાર નિમિત્તે નગરના શિવાલયોમાં ભોળાનાથની વિશિષ્ટ પૂજા-અર્ચનાનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રાવણિયા સોમવારનું ધાર્મિક દૃષ્ટિએ વિશેષ મહત્વ હોવાથી ભાવિકો પણ શિવજીને રીઝવવા રૂદ્રાભિષેક, જળાભિષેક તેમજ દુગ્ધાભિષેક કરીને ધન્યતા અનુભવવા ઉત્સુક બન્યા છે. નગરના શિવમંદિરોમાં પ્રથમ સોમવાર નિમિત્તે શિવજીની વિશેષ પૂજા ઉપરાંત ભજન, ધૂન તેમજ શિવમહીમ્ન સ્તોત્ર સહીતના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

પવિત્ર શ્રાવણ માસ શરૂ થતા ભગવાન ભોળાનાથને રીઝવવા શિવાલયોમાં ભાવિકોની ભીડ જામી છે. નગરના શિવ મંદિરોમાં શિવલીંગ પર જળાભિષેક દુગ્ધાભિષેક, ચંદનાભિષેક સહિતની વિવિધ પૂજા અર્ચના

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



મારા પતિશ્રી **અવતારસિંગ પ્રેમસીંગ ઠાકોર**નું તા. ૧૫-૮-૨૦૧૫ને શનિવારના રોજ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૭-૮-૨૦૧૫ને સોમવારે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦** દરમિયાન નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : ૦/૧૦૧, શ્યામ સુકન રેસીડેન્સી, પીડીપીયુ રોડ, ભાઈજીપુરા પાટીયા પાસે, કુડાસણ (ગાંધીનગર)

લિ.

**નયના અવતારસિંગ ઠાકોર**

# ડીસ્ટ્રીકટ શોપીંગની પાર્કિંગ સમસ્યામાં મેયર જ અટવાયા

## સે-૨૧ના શોપીંગમાં ગંદકી સહિતના પ્રશ્નોથી મેયર પણ ચોંકી ઉઠયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સે-૨૧ના ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર પાસે પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યામાં આજે ખુદ મેયર શ્રીમતી હંસાબેન મોદી જ અટવાઈ ગયા હતા.

સે-૨૧ના વેપારીઓના પ્રશ્નોની રજુઆત સાંભળવા મેયર શ્રીમતી મોદી સાંજે ૬.૧૫ કલાકે ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર પહોંચ્યા ત્યારે તેમના સ્વાગત માટે રાહ જોઈ રહેલા વેપારી આગેવાનોને ૨૦૦ મીટર સુધી ચાલીને જવું પડયું હતું.

મેયરશ્રી ની ગાડી પણ આગળ જઈ અને પછી પરત આવી ત્યારે તેઓ ઉતરી શકયા હતા. જો કે આ પછી ગાડી દૂર જઈ પાર્ક કરવાની ફરજ પડી હતી.

વેપારીઓએ પાથરણાવાળાઓ અને લારીવાળાઓની સમસ્યા ઉપરાંત પાર્કિંગ તેમજ ટ્રાફિકની સમસ્યાને લઈ મેયરનું ગંભીર ધ્યાન દોર્યું હતું.

આ મુદ્દે જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપવાનો પણ નિર્ણય વેપારી એસોસીએશને લીધો છે.

મેયર શ્રીમતી હંસાબેન મોદીએ ડીસ્ટ્રીકટ શોપીંગ અને

● અનુસંધાન પાન-૭ પર

## મનપા દ્વારા સેકટર-૨૧માં દંડનીય કાર્યવાહી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર સે. ૨૧ના ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરની આસપાસ ઉભા રહી વ્યાપાર પ્રવૃત્તિ કરતા લારી-ગલ્લા અને પાથરણાવાળાઓ પર આજે કોર્પોરેશન તંત્ર દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે.

રૂ. ૫૦૦થી રૂ. ૧ હજાર સુધીની દંડનીય કાર્યવાહી મેયરશ્રીની મુલાકાત બાદ તુરત જ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી છે.

૨૦ થી વધુ પાથરણાવાળા અને લારીવાળાઓ સામે આ દંડનીય કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# અનામતના મામલે પાટીદારો અને સરકાર વચ્ચે આજે પ્રથમ બેઠક

ગાંધીનગર, તા. ૧૬

પાટીદાર અનામત આંદોલનને થાળે પાડવા આવતીકાલે પ્રથમવાર સરકારે રચેલી સમિતિ અને આંદોલન કરી રહેલ સંસ્થાઓના આગેવાનો વચ્ચે મંત્રણા બેઠક સંસ્થાઓના આગેવાનો વચ્ચે મંત્રણા બેઠક યોજાનારી છે. ત્યારે આ બેઠકમાં શુ નિર્ણય લેવાશે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

રાજયમાં છેલ્લા કેટલાક સમયથી અનામતની માંગ સાથે પાટીદાર સમાજ દ્વારા શરૂ કરવામાં આવેલ આંદોલન વેગ પકડતા અને સમગ્ર રાજયમાં પ્રસરતા આખરે રાજય સરકારે આ આંદોલનને કોઈપણ ભોગે થાળે પાડવા માટે રાજય સરકારે વાટાઘાટોનો માર્ગ અપનાવ્યો છે.

વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા અનામતની માંગણી કરવામાં આવી હોઈ આ સંસ્થાઓ સાથે વાટાઘાટો કરવા માટે રાજય સરકારે

● અનુસંધાન પાન-૭ પર

## આજે અમદાવાદમાં અનામત અંગે બ્રહ્મસમાજના આગેવાનોની બેઠક

અમદાવાદ, તા. ૧૬

પાટીદાર સમાજ બાદ હવે અનામતની માંગણી સાથે આંદોલન છેડા બ્રહ્મસમાજ પણ સશસ્ત્રો સજાવી રહ્યું છે. આવતીકાલે બ્રહ્મસમાજના હોદ્દેદારોની એક મહત્વની બેઠક મળનારી છે.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ શૈલેષ જોષી એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે રાષ્ટ્રને રાજયના વિકાસમાં સતત પોતાનો અનન્ય ફાળો આપનાર બ્રહ્મસમાજ સરકારની અનામત નીતિને કારણે વધારે દયનીય સ્થિતિમાં આવી ગયો છે.

# રાજયના નિવૃત્ત ચીફ સેક્રેટરી પાંડિયન ગિફ્ટસિટીના ચેરમેન પદની રેસમાં

## ભાજપના એમએલએની દ્વિધા, આંદોલનને ખાનગીમાં ટેકો, જાહેરમાં મૌન




ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ ટેક સિટી (ગિફ્ટ સિટી) ના મહત્વના ચેરમેન પદ ઉપર રાજયના ભૂતપૂર્વ ચીફ સેક્રેટરી અને ૧૯૮૧ બેચના ગુજરાત કેડરના આઈએએસ ઓફિસર ડી.જે.પાંડિયનની નિયુક્તિ થાય તેવી સંભાવના છે. ૨૦૦૫૨૦૦૭ સુધી ચીફ સેક્રેટરી તરીકે ફરજ બજાવ્યા બાદ સુધીર માંકડને સ્થાને સરકારે જી.આર. અલોરિયાને નિયુક્તિ આપી હતી. છેલ્લા બે મહિનાથી પાંડિયનને રાજય સરકારે કોઈ મહત્વના પદ ઉપર પસંદ કર્યા નથી. તેમનું નામ ગુજરાત ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન જર્ક ના ચેરમેન પદ માટે પણ ચાલી રહ્યું છે. જો કે આ પદ માટેના ત્રણ દાવેદારો થઈ જતાં પાંડિયનને ગિફ્ટ સિટીમાં ચેરમેન બનાવવામાં આવે તેમ સચિવાલયના વર્તુળો જણાવે છે ...

## બ્રાહ્મણો મેદાનમાં ઉતર્યા, ૧૮ ઓગસ્ટે આંદોલનના કાર્યક્રમો આપશે

## વધુ નવ આઈએએસ ઓફીસરો દિલ્હી જવાની તૈયારી કરી ચૂક્યા છે

**વોન્ટ ટુ ગો, પણ દિલ્હી અભી દૂર હૈ ...**

ગુજરાતના બે ડઝન કરતાં વધુ આઈએએસ ઓફસરો દિલ્હીમાં મહત્વની જગ્યાઓ ઉપર ડેપ્યુટેશન ઉપર જઈને ફરજ બજાવી રહ્યા છે ત્યારે બીજા કેટલાક આઈએએસ ઓફિસરોને એવી આશા



ગિફ્ટ સિટીના ચેરમેન તરીકે મોદી સરકારે નિયુક્ત કર્યા હતા અને હાલ તેઓ આ પદ ઉપર ચાલુ છે. રાજય સરકારે ગિફ્ટ સિટીને વેગ આપવા હવે આ સુપ્રિમ પોસ્ટ ઉપર ડી.જે.પાંડિયનનું નામ ચર્ચામાં લીધું છે. પાંડિયન રાજયના વહીવટી વડા પદેથી ૩૧મી મે ના રોજ નિવૃત્ત થયેલા છે અને તેમના

છે કે કેન્દ્ર સરકાર તેમનો ઉપયોગ કરશે, આથી બીજા કેટલાક ઓફિસરોએ ડેપ્યુટેશન પર જવાની તૈયારી બતાવી છે. ગુજરાત સામાન્ય વહીવટ વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે અનિલ મુકીમ, અતનુ ચક્રવર્તી, અનિતા કરવલ,

● અનુસંધાન પાન-૭ પર

# શ્રદ્ધાંજલિ



**સ્વ. અવતારસીંગ ઠાકોર**

જન્મ તા. ૨૫-૯-૧૯૮૩

સ્વર્ગવાસ તા. ૧૫-૮-૨૦૧૫

સૂર્યનું સમી સાંજે અસ્ત થવું
એ કુદરતી ક્રમ છે
પરંતુ મધ્યાહ્‌ને અસ્ત થવું
એ વિધિની વક્રતા છે...
આપની અચાનક વિદાય
અમારા માટે અસહ્ય બની છે...
ઈશ્વર આપના આત્માને
ચિરશાંતિ અર્પે તેવી પ્રાર્થના...

લિ.

નિશ્ચલ જોષી
(સિનિયર મેનેજર, ગુજરાત ઈકોલોજી કમીશન)
હિમાંશુ કરશનભાઈ ડાભી (સાળા)
વિક્રમસિંહ રાજપુત
મનોજ સાકરીયા

સંદીપ ધાનાની
જપન પટેલ
હરેશ ચૌધરી
તથા મિત્ર પરિવાર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com